
ગાંધીનગર સમાચાર

બદલાયેલુ હવામાન સ્વાઈન ફ્લુ માટે સાનુકૂળ

# ગાંધીનગર-અમદાવાદના યુવાનોએ રક્તદાન માટે મોબાઈલ ઍપ બનાવી




ગાંધીનગર, તા. ૫

સ્વજનને દવાખાને હોય એ દર્દ કેટલું મોટું હોય છે ને એના માટે જરૂરી લોહીની વ્યવસ્થા કેટલી દુષ્કર હોય છે એ બાબત તો જેણે વેઠી હોય એ જ જાણે. અલબત્ત આ વેદનાને ઓછી કરવા માટે અનેક સંસ્થા, વ્યક્તિઓ પ્રયાસરત છે પરંતુ તેમ છતાં આપણે ત્યાં હજુ પૂરતા રક્તદાતાઓ જોઈએ ત્યારે નથી મળી રહેતા, જે કારણે દર્દીઓને સહન કરવાનો વારો આવે છે.

દર્દી અને રક્તદાતા વચ્ચેનું અંતર ઘટાડવા માટે ગાંધીનગર-અમદાવાદના યુવાનોએ એક સુંદર પ્રયાસ કરીને મોબાઈલ ઍપ્લીકેશન તૈયાર કરી છે, જે ઍન્ડ્રોઈડ પ્લેટફૉર્મ પર કામ કરે છે. 'રક્ત સેવ લાઈવ્ઝ' નામની આ મોબાઈલ ઍપ્લીકેશન ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ લૉન્ચ કરી દેવામાં આવી છે.

આ ઍપ્લીકેશન પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકાય છે. 'RAKHT'ના લિસ્ટમાંથી પહેલી ઍપ્લીકેશન ડાઉનલોડ કરી રજિસ્ટર કર્યા બાદ જ્યારે કોઈને બ્લડની જરૂર પડે ત્યારે ઍપ્લીકેશનમાં આપેલું 'ઈમર્જન્સી બટન દબાવવાથી' દર્દીના આસપાસના વિસ્તારમાં રહેતા રક્તદાતાઓને સૂચના મળી જાય છે. એ પૈકી જે રક્તદાતા સૌથી પહેલા રક્તદાન કરવાની તૈયારી બતાવે તેની વિગતો દર્દીના મોબાઈલમાં આવી જશે. આમ દર્દી અને દાતાનો સંપર્ક થઈ શકશે.

દીપ કક્ડ, પ્રિયા મિશ્રા, આશિષ તનેજા, ધૃપેશ ગાંધી અને અપૂર્વા પુરોહિત એ સર્જકો છે જેમણે આ મોબાઈલ ઍપ્લીકેશન તૈયાર કરી છે. તેઓ ગણપત યુનિવર્સિટી સંલગ્ન યુ વી પટેલ કૉલેજ ઑફ ઍન્જિનીયરિંગના છઠ્ઠા સૅમેસ્ટરમાં અભ્યાસ કરે છે.

હજુ એમની ઍપ્લીકેશન લૉન્ચ થયાને છ જ દિવસ થયા છે એટલે એમની પાસે રક્તદાતાઓની યાદી ઓછી છે, પરંતુ જો એમને એમના જેવા જ સેવાભાવીઓનો સહકાર મળે તો આ યાદી અમાપ વિસ્તરી શકે તેમ છે. આ ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓ, વ્યક્તિઓ યુવાનોના આ સ્તુત્ય પ્રયાસને બળ આપી શકે છે.

# હવે શહેરનું દબાણતંત્ર મનપાના હવાલે

## કલેક્ટર કચેરીની દબાણ શાખા મ્યુનિ. કમિશ્નર કચેરીને તબદીલ કરાઈ : ગાંધીનગરમાં દબાણની ગંભીર બનતી સમસ્યા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર કલેક્ટર કચેરીની દબાણ શાખા હવે મ્યુનિ. કમિશ્નર હસ્તક મુકવામાં આવી છે. તેમજ સનદની શરતોના ભંગના કેસ હોય તો કલેક્ટર દ્વારા તેનો નિકાલ કરવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા દબાણ શાખા કાર્યરત કરવામાં આવી છે. હવે દબાણની કાર્યવાહીમાં એક સૂત્રતા રહે તે માટે જિલ્લા કલેક્ટર કચેરીમાં ચાલતી દબાણ શાખાની કામગીરી મ્યુનિ. કમિશ્નર કચેરી હસ્તક મુકવામાં આવી છે.

શહેરમાં અસ્થાયી દબાણો દૂર કરવાની કામગીરી આ શાખા માર્ગ-મકાનના સંકલનમાં રહી તેમજ સરકારી જમીન પરના ગેરકાયદે દબાણો દૂર કરવાની કામગીરી કરતી હતી.

ગાંધીનગર શહેરમાં દબાણની સમસ્યા ખુબ જ ગંભીર બની રહી છે. શહેરમાં તાજેતરમાં જ દબાણ વિરોધી ઝુંબેશ પછી પુનઃ દબાણો મૂળ સ્થાને થઈ જતાં તંત્ર માટે પણ હવે આ સમસ્યા પડકારરૂપ બની છે.

સરકાર દ્વારા કરાયેલા નિર્ણય મુજબ સનદની શરતભંગના કેસો તો જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જ ચાલશે. સનદની શરતોના ભંગના ૪૦૦થી પણ વધુ કેસો છે.

ગાંધીનગર શહેરના દબાણો અંગે સુવ્યવસ્થિત રીતે સુયોગ્ય સંકલન સાથે આ કાર્યવાહી થાય તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

# શહેરમાં જમીનદોસ્ત વૃક્ષોના લાકડાની હરાજી

## બોરીજ રેન્જમાંથી તંત્રને ૩૫ લાખની આવક : ગત જુલાઈ દરમિયાન તોફાની વરસાદમાં સેંકડો વૃક્ષો જમીન દોસ્ત થયા હતા

ગાંધીનગર તા ૫

ગત જુલાઈ દરમિયાન આવેલા તોફાની વરસાદ દરમિયાન જિલ્લામાં સેંકડો વૃક્ષો જમીન દોસ્ત થતા હરિયાળીનો સોથ વળી ગયો હતો. જયારે આ વૃક્ષોને આડશરૂપ થતા દુર કરવા માટે પણ વન વિભાગની ટીમે લાંબા સમય સુધી કામ કર્યુ હતુ. જયારે આ વૃક્ષોમાંથી થયેલી લાકડાની હરાજીમાંથી વન વિભાગને બોરીજ રેન્જમાંથી રૂ ૩૫ લાખની આવક થઈ છે.

ગાંધીનગર શહેરમાં ગત જુલાઈ દરમિયાન ભારે પવન સાથે તોફાની વરસાદ ખાબકતા શહેરમાં મોટા પ્રમાણમાં નુકશાન થયુ હતુ. જયારે શહેર તેમજ જિલ્લામાં સેંકડો વૃક્ષો પણ જમીન દોસ્ત થયા હતા. આ વૃક્ષોને દુર કરવા માટે વન

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

ઉત્તરાયણનું કાઉન્ટ-ડાઉન - પતંગ પર્વની આડે હવે માત્ર દસ જ દિવસ બાકી છે ત્યારે બજારમાં પતંગ અને દોરીની ખરીદી માટેની ચહલપહલ આરંભાઈ છે... પતંગોત્સવની ખરી મજા દોરીથી જ આવે એવું પતંગવીરોનું માનવું છે... કાચી દોરી ખરીદી એને પીવરાવવાની મજા કંઈક અનોખી હોય છે... અસરકારકતા વધારવા દોરી પીવરાવનારાઓ પર આધારિત છે... આજકાલ ગાંધીનગરમાં પણ દોરી પીવરાવવાના ચરખા ઠેર ઠેર જોવા મળે છે...

# શહેરમાં ભયજનક ૧૧૦૦ વૃક્ષો હટાવાશે

## અગાઉ વન વિભાગ દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો : સુકાયેલા વૃક્ષો ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી દહેશતને ધ્યાને લઈ તંત્રએ કામ શરૂ કર્યુ

ગાંધીનગર તા ૫

હરિયાળા ગાંધીનગરમાં શહેરના મુખ્ય માર્ગો તેમજ સેક્ટરોના આંતરિક વિસ્તારમાં વૃક્ષોની વનરાજી છવાયેલી જોવા મળે છે. ત્યારે હરિયાળા વૃક્ષો વચાળે ઘણાં ઠેકાણે સુકા અને ભયજનક વૃક્ષો પણ નાગરિકો માટે જોખમી હોવાનુ સ્પષ્ટ થયુ છે. વન વિભાગ દ્વારા આવા ૧૧૦૦ જેટલા ભયજનક વૃક્ષો દુર કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

ગ્રીનસીટીની આગવી ઓળખ ધરાવતા શહેરમાં મુખ્ય માર્ગો તેમજ સેક્ટરોના આંતરિક માર્ગો આસપાસ વૃક્ષોની વનરાજી છવાયેલી જોવા મળે છે. શહેરમાં દરવર્ષે નવા રોપાઓ ઉછેરવા માટે અભિયાન હાથ ધરવામાં આવે છે. ગત જુલાઈ દરમિયાન આવેલા તોફાની વરસાદ દરમિયાન મોટી સંખ્યામાં જમીનદોસ્ત થતા પ્રકૃતિપ્રમીઓમાં પણ નારાજગી વ્યાપી હતી. તોફાની વરસાદમાં હરિયાળીનો સોથ વળતા હજારો વૃક્ષોનો ખાતમો થઈ ગયો હતો. આ દરમિયાન વૃક્ષોને આડશ બનતા દુર કરવા વન વિભાગ દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જયારે ભયજનક વૃક્ષો દુર કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી ત્યારે વન વિભાગ દ્વારા આવા ભયજનક વૃક્ષો માટે સર્વે હાથ ધરવામાં આવ્યો

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર તાલુકા પંચાયત કારોબારીના ચેરમેનપદે ઘનશ્યામ પટેલની વરણી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર તાલુકા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન પદે આજે શ્રી ઘનશ્યામ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

ગાંધીનગર તાલુકા ભાજપમાં બળવાની સ્થિતિને ખાળવા આજે પક્ષ દ્વારા આજની આ બેઠક માટે મેન્ડેટ આપવામાં આવ્યો હતો.

જોકે ભારતીય જનતા પક્ષમાં તાલુકા પંચાયતમાં અસંતોષની લાગણી પ્રવર્તી રહી છે. પક્ષના આગેવાનો આગામી દિવસોમાં પરિસ્થિતિ થાળે પડી જશે તેવો વિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે.


## બેસણું



સ્વ. મનિષાબેન મણીલાલ બારોટ
સ્વ. તા. ૪/૧/૨૦૧૬,

અમારા પુત્રવધુ અ.સૌ.સ્વ. મનિષાબેન મણીલાલ બારોટ ગામ: ડીસા તા. ૪/૧/૨૦૧૬, સોમવારના રોજ દેવલોક પામેલ છે. સદ્ગતનું બેસણું તા. ૬/૧/૨૦૧૬, બુધવારના રોજ બપોરે ૩-૦૦ થી ૬-૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : સરગમ સોસાયટી, શિવનગર પ્રાથમિક સ્કુલની સામે, ડીસા મો.૯૮૨૫૭ ૦૯૧૪૪

અણદાજી વિરાજી બારોટ (સસરા)
ભીખાજી વિરાજી બારોટ (મોટા સસરા)
કાનજીજી વિરાજી બારોટ (કાકા સસરા)
મણીલાલ અણદાજી બારોટ (પતિ)
મહેશભાઈ અણદાજી બારોટ (જેઠ)
ગોવિંદભાઈ અણદાજી બારોટ (દિયર)
શંભુલાલ ભીખાજી બારોટ (દિયર)
લાલાભાઈ કાનજીભાઈ બારોટ (દિયર)
રાહુલ મણીલાલ બારોટ (પુત્ર)
ખ્યાતી મણીલાલ બારોટ (પુત્રી)

સમસ્ત વિરાજી મોહનજી બારોટ પરિવાર


# વિજ્ઞાન પ્રવાહની માર્કશીટોનુ ૭ જાન્યુઆરીએ વિતરણ

ગાંધીનગર તા ૫

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત ઓકટોબર મહીનામાં લેવાયેલી ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરિક્ષાનુ પરિણામ જાહેર થયા બાદ આગામી તા ૭ જાન્યુઆરીના રોજ જિલ્લા કક્ષાના કેન્દ્રો પર સવારે ૧૧ કલાકે માર્કશીટનુ વિતરણ કરવામાં આવશે. બોર્ડના પરિક્ષા સચિવે આ અંગે જણાંવ્યુ છે કે વિજ્ઞાન પ્રવાહની શાળાઓના આચાર્યોએ સેમેસ્ટર ૧ તેમજ સેમસ્ટર ૩ ની પરિક્ષાની માર્કશીટો શાળાના પ્રતિનિધિને અધિકાર પત્ર આપી મેળવી લેવાની રહેશે.

# બદલાયેલુ હવામાન સ્વાઈન ફ્લુ માટે સાનુકૂળ

## તંત્રએ તમામ આરોગ્યના અધિકારીઓને સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા કરવામાં આવેલી કડક તાકીદ : ગયા વર્ષે શહેરમાં ૬૦ કેસ સ્વાઈન ફ્લુના નોંધાયા હતા

ગાંધીનગર, તા. ૫


ગાંધીનગર શહેર અને જિલ્લામાં બદલાયેલુ હવામાન એ સ્વાઈન ફ્લુના કેસો માટે સૌથી વધુ સાનુકૂળ હોવાથી આરોગ્યતંત્રએ તમામ તબીબોને સતર્ક રહી અને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટે તાકીદ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેર એ અમદાવાદની સૌથી નજીકનું શહેર છે અને ત્યાં સ્વાઈન ફ્લુના કેસો નોંધાવાના શરૂ થયા છે. હવાથી ફેલાતો આ રોગ હોવાથી લોકોને પણ જાગૃત રહેવા તંત્રએ જણાવ્યું છે.

ગાંધીનગર શહેરમાં ગત વર્ષે ૬૦ કેસ નોંધાયા હતા અને પાંચ વ્યક્તીના મરણ થયા હતા જે ઉલ્લેખનીય છે. ગાંધીનગર-અમદાવાદ વચ્ચે સતત સંપર્ક હોય છે તેથી સાવચેત રહેવા સાથે તંત્રને સતર્કતા રાખવા માટેની સૂચનાઓ પણ આપવામાં આવી છે.

હાલ શહેર અને જિલ્લામાં ઠંડી-ગરમીની બેવડી ઋતુનો અનુભવ સૌ કરી રહ્યા છે. જે સ્વાઈન ફ્લુ માટે સૌથી વધુ સાનુકૂળ વાતાવરણ માનવામાં આવે છે. તાજેતરમાં જિલ્લાની સંચારી રોગ અંગે મળેલી બેઠકમાં પણ તંત્રના અધિકારીઓને સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા કહેવાયું છે. દરમ્યાન ગાંધીનગર મેડીકલ કોલેજના હોલમાં આ અંગેનો એક તાલિમ વર્કશોપ રાજ્યકક્ષાનો યોજાયો હતો. તેમાં પણ સ્વાઈન-ફ્લુના કેસો આ વખતે વધી શકે તેવી શક્યતાના સંકેતો આપવામાં આવ્યા હતા તે ઉલ્લેખનીય છે. જે રીતે વાતાવરણમાં બદલાવ આવ્યો છે તેને લઈ તંત્રના અધિકારીઓ પણ ચિંતીત બન્યા છે. આ ઉપરાંત અત્યારથી જ સ્વાઈન ફ્લુ અંગેની લોક-જાગૃતિનું અભિયાન શરૂ કરવા માટે સૂચનાઓ આપતાં આયોજન કરવાનું કહી દેવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.


## બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી બાલુજી શિવાજી ચાવડા (મુ. નારદીપુર)નું તા. ૧/૧/૨૦૧૬ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૭/૧/૨૦૧૬ને ગુરૂવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : બ્લોક નં. ૨૪૯, જી-૧, ઈન્કવાયરી ઓફીસની બાજુમાં, સેક્ટર-૯, ગાંધીનગર.

ભરતસિંહ અર્જુનજી ચાવડા
મુકુંદસિંહ ચંદુજી ચાવડા
સંજયસિંહ રાજુજી ચાવડા
અજયસિંહ રાજુજી ચાવડા
પંકજસિંહ રાજુજી ચાવડા
ગં.સ્વ. હેમલતાબા બાલુજી ચાવડા
પ્રકાશસિંહ બાલજી ચાવડા
વિજયસિંહ બાલુજી ચાવડા
ભૃગુરાજસિંહ વિજયસિંહ ચાવડા
૯૯૨૫૧ ૧૨૧૮૭, ૯૪૨૬૦ ૪૮૪૪૭

નોંધ : પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

રણજીતસિંહ શિવસિંહ વાઘેલા (અંબોડ) I.A.S. (Retd,) 94266 78777
સર્વદમનસિંહ રણજીતસિંહ વાઘેલા ૯૮૨૫૦ ૭૧૫૯૧
રિપુદમનસિંહ રણજીતસિંહ વાઘેલા ૯૮૨૫૧ ૩૪૫૭૯


# સાહિત્ય ક્ષેત્રે કેન્દ્રનો સિનીયર ફેલોશીપ એવોર્ડ પ્રાપ્ત કરતા ગાંધીનગરના ડૉ. જયેશભાઈ પટેલ

ગાંધીનગર, તા.૫

ડૉ. જયેશભાઈ પટેલ, કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક મંત્રાલલ દ્વારા અર્પણ થતો લીટરેચર ફીલ્ડમાં સિનીયર ફેલોશીપ એવોર્ડ માટે પસંદગી પામ્યા છે એ સમગ્ર ગુજરાત માટે ગૌરવની વાત છે.

રવિવારે તેમના શુભેચ્છકો



દ્વારા યોજાયેલા એક સત્કાર સમારંભમાં સહુએ ડૉ.જયેશભાઈ પટેલને ઉત્તરોત્તર પ્રગતિનાં સર્વોચ્ચ શિખરો સર કરી વિશ્વમાં ગુજરાતનું તેમના માદરે વતનનું તથા પોતાના પરિવારનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

હાલમાં ડૉ. જયેશભાઈ પટેલ મુખ્યમંત્રીના કાર્યાલયમાં અધિક જનસંપર્ક અધિકારીશ્રીના એકમમાં વરિષ્ઠ ભાષાવિદ તરીકે સેવાઓ આપી રહ્યા છે.

## ખોવાયેલ છે



નામ : કૃણાલ યોગેશભાઈ લીમ્બાચીયા
સ્થળ : માનવ સ્મૃતિ, સરગાસણ, ગાંધીનગર
ઉંમર : ૩૦ વર્ષ
વર્ણ : ઘઉં વર્ણ

ઉપરોક્ત ફોટાવાળાભાઈ મંદબુદ્ધિના હોઈ તા. ૩/૧/૨૦૧૬ના રોજ સ્કૂલમાંથી ક્યાંક ચાલ્યા ગયેલ છે. જો મળે તો મોબાઈલ નં. ૯૪૨૭૬ ૦૯૪૧૮ ઉપર જાણ કરવા વિનંતી. અથવા નજીકના પોલીસ મથકે જાણ કરવી.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com